GJVD050027922022

# <u>સાવલીના મે.એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.સાવલી</u>

**<u>ફોજદારી કેસ નં.૨૩૯૫/૨૦૨૨</u>**
આંક–૦૪

**ફરીયાદી :** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી :** **રાજકુમાર ગણપતસિંહ રાઠોડ**
**રહે.** દેલોલ, બાર ફળીયુ, તા. કાલોલ, જિ.પંચમહાલ.

<u>**ગુન્હો :**–ઈ.પી.કો.કલમ– ૨૭૯ મુજબ.</u>

**<u>:: ચુકાદો ::</u>**

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ **તા.૩૦/૦૮/૨૦૨૨** ના રોજ **કલાક ૧૭:૨૦** વાગ્યે પોતાનું વાહન ઈકો પુરઝડપે, બેફીકરાઈ અને ગફલતભરી રીતે માણસની જીંદગી જોખમાય તે રીતે હંકારતા મળી આવી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યાની ફરીયાદ નોંધી અને ત.ક.અમલદારે કરી તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાતાં ચાર્જશીટ કરવામાં આવેલ.

(૨) આરોપી હાજર થતાં, આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડયાની ખાતરી કરી, આરોપીની પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને આરોપીએ **<u>આંક–૦૨</u>** થી કબુલાત પુરસીસ આપી સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીની કબુલાત બિનકેફી હાલતમાં તેમજ કોઈપણ જાતના લોભ, લાલચ કે ભય વિનાની હોવા અંગેની ખાતરી કરતા, કબુલાત સ્વીકારાયેલ છે અને આરોપીની પ્લી **<u>આંક–૦૩</u>** થી રેકર્ડ કરવામાં આવેલ છે. તેમાં પણ તેઓએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આરોપી ધ્વારા તેમના વિ.વ.શ્રીની હાજરીમાં ગુનાની કબુલાત પુરસીસ આપી જણાવે છે કે તેઓ કુટુંબકબીલા વાળા છે, કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શિરે છે, ગુનાનો આરોપીને પસ્તાવો થાય છે, તેમનો પ્રથમ ગુનો છે. તેઓ ફરી ગુનો નહી કરવાની ખાતરી આપે છે અને જેલમાં મોકલવામાં આવશે તો કુટુંબ–રોજગારને અસર થશે તેમ જણાવેલ છે. આ તમામ સંજોગો ધ્યાને લઈ જેલ સજા નહિ કરી દયા કરવા અને ઓછામાં ઓછો દંડ કરવા વિનંતી કરેલ છે.

( ૪ ) આ કામે રજુ આંક–૧ ચાર્જશીટ ધ્યાને લેતાં આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા ની કલમ – ૨૭૯ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેનું તહોમત છે. ફરીયાદપક્ષે એવો કોઈ પુરાવો કે રજુઆત થયેલ નથી કે આરોપી અગાઉ આવા કોઈ ગુનાના કામે સંડોવાયેલ છે કે સજા પામેલ છે, જેથી આરોપીનો પ્રથમ ગુનો હોવાનું ફલિત થાય છે. કબુલાત પુરસીસ ધ્યાને લેતાં, આરોપી અત્યંત ગરીબ અને પછાત જણાય છે. આરોપીને ગુનાનો પસ્તાવો થયેલ છે તેમ જણાય છે. આરોપીએ ફરી ગુનો નહી કરવાની ખાતરી આપેલ હોય તેમજ ગુનાનો પ્રકાર અને સજાની જોગવાઈ તથા ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતાં, આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આરોપી **રાજકુમાર ગણપતસિંહ રાઠોડ રહે.** દેલોલ, બાર ફળીયુ, તા. કાલોલ, જિ.પંચમહાલનાને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો.ની કલમ–૨૭૯ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ ફરમાવું છું. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૦૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ: **૦૯મી,** માહે : **સપ્ટેમ્બર,** સને : **૨૦૨૩**ના રોજ લોક અદાલત/સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૯/૦૯/૨૦૨૩
સ્થળ : સાવલી.

**(બાબુભાઈ માધવલાલ પ્રજાપતિ )**
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સાવલી, જી.વડોદરા.
કોડ નં.જી.જે.૦૦૮૬૫

એચ.એમ.મકવાણા/સ્ટેનો.